RNI NO-GUJGUJ/2020/79359

E-mail- prajapankh@gmail.com

# પ્રજાપંખ

PRAJA PANKH (GUJARATI WEEKLY- SURAT)

EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR

ગુજરાતી સાપ્તાહિક- સુરત

પ્રજાપંખ- ન્યુઝ પેપર મેળવવા
www.prajapankh.com
99980 61470
93747 20143
ઉપર ના નંબર પર સંપર્ક કરો

વર્ષ-૦૩ અંક- ૪૯ (સુરત) તા. ૧૨/૦૯/૨૦૨૩ મંગળવાર તંત્રી- મિતલકુમાર પ્રકાશભાઈ ભાવસાર, પાના-૦૪ કિંમત ૧/- રૂ. ૯૯૯૮૦ ૬૧૪૭૦

YEAR-03, ISSUE-49 SURAT DATE-12/09/2023 TUESDAY, SURAT. EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR PAGE- 04, RS- 01/- ONLY. Mo-99980 61470

2 મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગરમાં ગુજરાત પોલીસની ક્રાઈમ કોન્ફરન્સ નો પ્રારંભ થયો

2 ક્રિપ્ટોમાં ઊંચા નફાનું કહી છાત્રા પાસેથી ૬૨ હજાર પડાવી લીધા

3 સચિન જીઆઈડીસી માં બાજુના મકાનની દીવાલનો ભાગ પડતાં ૭ ઈજાગ્રસ્ત

3 ઇન્દ્રોડા પાર્કમાં દીપડાની વધુ એક જોડી લાવવામાં આવી

## કેજરીવાલ સરકારનો મોટો નિર્ણયઃ દિલ્હીમાં આ વર્ષે પણ દિવાળી પર ફટાકડા ફોડવા પર પ્રતિબંધ

નવી દિલ્હી- દિલ્હી સરકારે શિયાળામાં વધતા વાયુ પ્રદૂષણ પર અંકુશ લગાવવા માટે મોટો નિર્ણય લીધો છે. આ જ એક્શન પ્લાન હેઠળ દિલ્હી સરકારે રાષ્ટ્રીય રાજધાનીમાં ફટાકડા બનાવવા પર, વેચાણ, સંગ્રહ અને તેનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં આ વર્ષે પણ દિવાળી પર ફટાકડા ફોડવા પર પ્રતિબંધ રહેશે. દિલ્હી સરકારે આજે વાયુ પ્રદૂષણને ધ્યાનમાં રાખીને નિર્ણય લીધો છે.

આ પ્રતિબંધ માત્ર ફટાકડા ફોડવા પર જ નહી પરંતુ તેના ઉત્પાદન અને વેચાણ પર પણ લાગશે. એટલે કે, દિલ્હીના સરહદી વિસ્તારમાં ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ પરનો પ્રતિબંધ પહેલાની જેમ જ યથાવત રહેશે. પ્રતિબંધ હોવા છતાં આવું કરનાર સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

આ અંતર્ગત દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે



નિર્દેશ જારી કર્યા છે. પર્યાવરણ મંત્રીએ કહ્યું કે, સરકારે ફટાકડાનું ઉત્પાદન, સંગ્રહ, વેચાણ (ઓનલાઈન વેચાણ સહિત) અને ફટાકડા ફોડવા પર પ્રતિબંધ લાદવાનો નિર્ણય લીધો છે. દિલ્હી પોલીસને તેના માટે લાયસન્સની પરવાનગી ન આપવાના નિર્દેશ જારી કર્યા છે.

તેમણે કહ્યું કે, આપણે બધા જાણીએ છીએ કે, શિયાળામાં દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર વધી જાય છે. તેનો સામનો કરવા માટે દિલ્હી સરકારે વિન્ટર એક્શન પ્લાન પર કામ કરવાનું શરૂ કરી દીધુ છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ શહેરમાં તમામ પ્રકારના ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ લાગુ કરવાનો નિર્ણલ લીધો છે.

શિયાળાની શરૂઆત પહેલા જ દિલ્હીમાં ફટાકડા પર પ્રતિબંધ યથાવત રાખવાનું એલાન કરી દેવામાં આવ્યું છે. દિલ્હીના પર્યાવરણ વિભાગ દ્વારા તેની ફાઈલ મુખ્યમંત્રીને મોકલવામાં આવી છે. મુખ્યમંત્રી બાદ મંજૂરી માટે ફાઈલ એલજીને પણ મોકલવામાં આવશે. એલજીની મંજૂરી બાદ નોટિફિકેશન જારી કરવામાં આવશે. નોટિફિકેશનની તારીખથી નવા વર્ષ સુધી પ્રતિબંધ યથાવત રહેશે.

દર વર્ષે દિવાળી બાદ રાજધાની દિલ્હીમાં વાયુ પ્રદૂષણ વધી જાય છે અને વાતાવરણમાં ધુમ્મસની ચાદર છવાઈ જાય છે. હવાની ગુણવત્તા ઘટવાના કારણે દર વર્ષે દિલ્હી વાસીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

## વડાપ્રધાન મોદીએ G ૨૦ સમિટ ૨૦૨૩ ના સમાપનની કરી જાહેરાત, બ્રાઝિલને અધ્યક્ષપદ સોંપ્યું




ભારતની રાજધાની દિલ્હીમાં G૨૦ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમિટ ૯ અને ૧૦ સેપ્ટેમ્બર સુધી ચાલી હતી. બે દિવસ સુધી ચાલી આ G૨૦ સમિટનું આજે સમાપન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવેમ્બર મહિનામાં G૨૦ વર્ચ્યુઅલ સમિટનું સૂચન કર્યું હતું. આ સાથે વડાપ્રધાને G૨૦ વર્ચ્યુઅલ સમિટની અધ્યક્ષતા બ્રાઝિલને સોંપી હતી.

સમાપન સમારોહ દરમિયાન વડાપ્રધાને કહ્યું કે ગઈકાલે અમે વન અર્થ એન્ડ વન ફેમિલી સેશનમાં વ્યાપક ચર્ચા કરી હતી. તેમણે કહ્યું કે મને સંતોષ છે કે આજે -૨૦ વન અર્થ, વન ફેમિલી અને વન ફ્યુચરને લઈને આશાવાદી પ્રયાસો માટેનું પ્લેટફોર્મ બની ગયું છે. અહીં આપણે એવા ભવિષ્ય વિશે વાત કરી રહ્યા છીએ જેમાં આપણે ગ્લોબલ વિલેજથી આગળ વધીને ગ્લોબલ ફેમિલીને વાસ્તવિકતા બનતા જોઈશું. એક એવું ભવિષ્ય જેમાં માત્ર દેશોના હિત જ નહીં, હૃદય પણ જોડાયેલા હોય.

## ભારત-અમેરિકા સહિત ૮ દેશોનો નવો ઈકોનોમિક કોરિડોર

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીમાં જી-૨૦ સમિટમાં નવી દિલ્હી જી-૨૦ લીડર્સ ઘોષણાપત્ર મુદ્દે બધા જ દેશોમાં સર્વસંમતી સધાઈ છે આ જાહેરાત કરતાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આ સાથે ઈતિહાસ રચાયો છે. સર્વસંમતિ અને ભાવનામાં સંયુક્ત આપણે વધુ સારા, વધુ સમૃદ્ધ અને સુમેળભર્યા ભવિષ્ય માટે સહયોગથી કામ કરવાનો સંકલ્પ કરીએ છીએ. ભારત મંપડમમાં આયોજિત જી-૨૦ શિખર સંમેલનના પહેલા દિવસે આર્થિક કોરિડોર સહિત અનેક મહત્વ પૂર્ણ નિર્ણયો લેવાયા હતા. વધુમાં જી-૨૦માં હવે આફ્રિકન સંઘનો કાયમી સભ્ય તરીકે સમાવેશ કરાયો હોવાથી જી-૨૦ હવે આગામી વર્ષથી જી-૨૧ બની જશે. આફ્રિકી સંઘના સભ્ય બનવાથી જી-૨૦ અને ગ્લોબલ સાઉથનો અવાજ પણ મજબૂત થશે તેમ પીએમ મોદીએ કહ્યું હતું.



નવી દિલ્હીના પ્રગતિ મેદાનમાં ભારત મંડપમ ખાતે આયોજિત જી-૨૦ શિખર સંમેલનના પહેલા દિવસે ભારત, ફ્રાન્સ, અમેરિકા, સાઉદી અરબ, યુએઈ, ઈટાલી, જર્મની અને યુરોપીયન યુનિયનને સમાવતા આર્થિક કોરીડોર અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો હતો. જી૨૦ સમિટમાં આર્થિક કોરિડોરને મંજૂરી અપાઈ છે.

આ અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે, આ કોરિડોરમાં ભારત, સંયુક્ત આરબ અમિરાત, સાઉદી અરબ, યુરોપીયન સંઘ, ફ્રાન્સ, ઈટાલી, જર્મની અને અમેરિકાનો સમાવેશ થાય છે. આ કનેક્ટિવિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર સહયોગ માટે વિશેષરૂપની પહેલી પહેલ છે.૧૮મા જી-૨૦ શિખર સંમેલનમાં પીએમ મોદીએ કહ્યું કે, મારા મિત્ર પ્રમુખ જો બાઈડેન સાથે મને આ આયોજનનું અધ્યક્ષપદ કરતાં ખૂબ જ આનંદ થાય છે.

## ગઠીયાએ મોકલેલી લીંક ઓપન કરતા ખાતામાંથી ૬૩ હજાર ઉપડી ગયા

રાજકોટ : સાયબર ક્રાઈમ પોલીસના અધિકારીઓ દ્વારા છાશવારે સાયબર ફ્રોડથી બચવા માટે લોકોને સચેત કરવામાં આવે છે. આમ છતાં લોકો ભૂલ કરી સાયબર ફ્રોડનો ભોગ બને છે. આવા વધુ ત્રણ ભોગ બનનારાઓને સાયબર ક્રાઈમ પોલીસે ગુમાવેલી રકમ પરત અપાવી હતી. સાયબર ફ્રોડની ઘટનાઓમાં નસીબદાર હોય તેવા જ ભોગ બનનારાઓને રકમ પરત મળે છે.

અરજદાર ચંદ્રેશભાઈ વિનોદભાઈ જોટંગિયાને ગઠીયાએ કોલ કરી કહ્યું કે તમારૂ પાર્સલ આવી ગયું છે, જે છોડાવવા માટે ટેક્સ્ટ મેસેજમાં લીંક આવશે, જે ઓપન કરજો, જેથી તમારૂ પાર્સલ તમારા સરનામે મળી જશે. સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા અવાર-નવાર આ રીતે અજાણ્યા શખ્સોના કોલ આવે પછી કોઈ પણ લીંક ઓપન નહીં કરવા સલાહ આપવામાં આવે છે. આમ છતાં તેની અવગણના કરી




ચંદ્રેશભાઈએ લીંક ઓપન કરતા તેના ખાતામાંથી રૂ. ૬૩ હજાર ઉપડી ગયા હતા. જે અંગે અરજી કરતા રૂા.૫૦ હજાર પરત મળ્યા હતા. જયારે રૂા.૧૩ હજાર ગુમાવવાનો વારો આવ્યો હતો.

બીજા કિસ્સામાં અરજદાર કાજલબેન રાઘવજીભાઈ પટેલે લોન લેવા માટે ગુગલમાં નંબર સર્ચ કરતા ગઠીયાએ લોન અપાવી દેવાના બહાને અલગ-અલગ ચાર્જના નામે ઓનલાઈન રૂ. ૫૪ હજાર પડાવી લીધા હતા. જે અંગે પણ અરજી થતા સાયબર ક્રાઈમ પોલીસે રૂા.૩૩૯૭૦ પરત અપાવ્યા હતા.

## લદ્દાખના ન્યોમામાં બનશે વિશ્વનું સૌથી ઊંચું ફાઈટર એરફિલ્ડ, ચીનને મળશે પડકાર, સંરક્ષણ મંત્રાલયનો નિર્ણય



G૨૦ સમિટ સમાપ્ત કરવાની થોડીક વાર બાદ ભારતે ચીનને મોટો સંદેશ આપ્યો છે. ભારત લદ્દાખના ન્યોમા ખાતે વિશ્વનું સૌથી ઊંચું કોમ્બેટ એરફિલ્ડ બનાવશે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ૧૨ સપ્ટેમ્બરના રોજ જમ્મુના દેવક બ્રિજથી આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે.

એલએસી પર ચીન સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે સંરક્ષણ મંત્રાલયના આ નિર્ણયને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. પૂર્વ લદ્દાખના મહત્વપૂર્ણ ન્યોમા બેલ્ટમાં બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન દ્વારા નવા એરફિલ્ડના નિર્માણ પર કુલ ૨૧૮ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ એરફિલ્ડનું નિર્માણ સીમા પર ચીનને આકરી ટક્કર આપવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. પૂર્વી લદ્દાખમાં ન્યોમા એડવાન્સ લેન્ડિંગ ગ્રાઉન્ડનો ઉપયોગ ત્રણ વર્ષ પહેલાથી થઈ રહ્યો છે. ચીન સાથેની સરહદ પર ચાલી રહેલા તણાવ વચ્ચે તેનો ઉપયોગ સૈનિકો અને સામગ્રીના પરિવહન માટે કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૦ માં ગલવાનમાં ભારત અને ચીનની સેનાઓ વચ્ચે થયેલી અથડામણ બાદ બંને દેશો વચ્ચે હજુ પણ તણાવની સ્થિતિ છે.

## મહારાષ્ટ્રના સાતારામાં ભડકી હિંસા, બે સમુદાય વચ્ચે પથ્થરમારો-આગચંપી, ઈન્ટરનેટ સેવા કરાઈ બંધ

પ્રાથમિક તપાસમાં જાણ થઈ કે ક્ષેત્રના એક વિશેષ સમુદાયના કેટલાક યુવાઓ દ્વારા કરાયેલી સોશિયલ મીડિયાને લીધે રવિવારે રાતે હિંસા ભડકી

મહારાષ્ટ્રના સાતારામાં તણાવની સ્થિતિ જોવા મળી રહી છે. બે સમુદાયો વચ્ચે પથ્થરમારો અને આગચંપીના અહેવાલ મળી રહ્યા છે. આ હિંસામાં એક વ્યક્તિ પણ ઘવાયો હતો. સૂત્રો અનુસાર ૧૫ ઓગસ્ટના રોજથી સોશિયલ મીડિયા પર વિવાદિત પોસ્ટ બાદથી ખટાવ તાલુકાની આજુબાજુ સમગ્ર સાવલીમાં તણાવની સ્થિતિ જોવા મળી રહી હતી. મહાપુરુષો વિશે વિવાદિત ટિપ્પણીઓ પણ કરાઈ હતી.

માહિતી અનુસાર ગત રાતિએ મામલો બીચક્યો હતો અને ધાર્મિક જગ્યાઓ પર એક પ્રાર્થના સ્થળ અને મંદિરને નિશાન બનાવાયા હતા. પોલીસે બંને ટોળાને કાબૂમાં લેવા માટે બળપ્રયોગ કર્યો હતો અને લોકોની ભીડને વેરવિખેર કરી હતી. આ દરમિયાન જ આગચંપી અને તોડફોડની ઘટનાઓ પણ બની હતી. હાલમાં સાવચેતીના પગલાં સ્વરૂપે ઈન્ટરનેટ સેવા બંધ કરાઈ છે.

અહેવાલો અનુસાર કથિત વાંધાજનક સોશિયલ મીડિયા પોસ્ટ અંગે રવિવારે મહારાષ્ટ્રના સાતારા જિલ્લા ખટાવ તાલુકામાં કોમી રમખાણો થયા હતા જેમાં એક વ્યક્તિ ઘાયલ થયો હતો અને અનેક ઘરોને આગચંપી કરાઈ હતી. અધિકારીઓએ કહ્યું કે ઈન્ટરનેટ સેવા બંધ કરાઈ છે. પ્રાથમિક તપાસમાં જાણ થઈ કે ક્ષેત્રના એક વિશેષ સમુદાયના કેટલાક યુવાઓ દ્વારા કરાયેલી સોશિયલ મીડિયાને લીધે રવિવારે રાતે આ હિંસા ભડકી હતી.

## દિલ્હી સહિત ૨૧ રાજયોમાં વરસાદ, ઉત્તરાખંડમાં પહાડો પર સિઝનની પહેલી હિમવર્ષા

રવિવારે દિલ્હી, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ સહિત પશ્ચિમથી પૂર્વ અને ઉત્તરથી દક્ષિણ ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદ થયો હતો. યુપીમાં રેલવે અને માર્ગ વાહનવ્યવહારને માઠી અસર થઈ હતી. જયારે ઉત્તરાખંડમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે બદ્રીનાથ નેશનલ હાઈવે બંધ થઈ ગયો હતો.

ત્રણ દિવસના વરસાદની સાથે રવિવારે ચમોલીમાં સિઝનની પ્રથમ હિમવર્ષા પણ



થઈ હતી. વરસાદ અને હિમવર્ષાના કારણે બદ્રીનાથ ધામ, હેમકુંડ સાહિબ અને ફૂલોની ખીણમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. કેદારનાથના પર્વતો ઉપરાંત બદ્રીનાથ ધામના નીલકંઠ, નર નારાયણ પર્વત સહિત અન્ય શિખરો પર પણ હિમવર્ષા થઈ છે. હવામાન વિભાગે આ દરમિયાન આગળ પણ વરસાદી માહોલ અને પહાડો પર હિમવર્ષાને પગલે ઠંડીનો ચમકારો વધવાની આગાહી કરી છે.

રાજસ્થાનમાં ભારે વરસાદને કારણે રવિવારે સવારે ઝાંસી ડિવિઝનના હેતમપુર-ધોલપુર વચ્ચે ઝાંસી-દિલ્હી ટ્રેક ધસી ગયો હતો. ટ્રેકની નીચેથી માટી અને કોંક્રિટ-કપચી ધસી પડતાં વિવિધ સ્થળોએ ટ્રેનોને જયાં ત્યાં જ અટકાવી દેવામાં આવી હતી.

# ઇન્દ્રોડા પાર્કમાં દીપડાની વધુ એક જોડી લાવવામાં આવી



ગાંધીનગર : ગાંધીનગરના પાદરે આવેલા ગીર ફાઉન્ડેશન સંચાલિત ઇન્દ્રાડા પ્રકૃતિ ઉદ્યાનમાં ગત ઓગસ્ટ માસમાં સિંહનું મોત થતા સિંહની જોડી ખંડીત થઇ છે. સિંહણ ગ્રીવા એકલી પડી ગઇ છે ત્યારે તેને નર સિંહ મળી રહે તે માટે દરખાસ્ત કરી દેવામાં આવી છે તેવી સ્થિતિમાં ઇન્દ્રોડા પાર્કમાં નવા સદસ્યોનું આગમન થયું છે. શક્કરબાગ ઝુમાંથી દીપડાની જોડી લાવવામાં આવી છે. જે હાલ ક્વોરેન્ટાઇનમાં રાખવામાં આવી છે અને આગામી ૧૫ દિવસ બાદ મુલાકાતીઓ માટે પાંજરામાં ખુલ્લી મુકવામાં આવશે.

ગીર ફાઉન્ડેશન સંચાલિત ઇન્દ્રોડા પાર્ક પ્રકૃતિ શિક્ષણ માટેનું સ્થળ તો છે જ સાથે સાથે અહીં નાનું ઝુ એટલે કે, પ્રાણીસંગ્રહાલય પણ છે. પહેલા હિંસક પ્રાણીઓ નહીં હોવાને કારણે તેનું આકર્ષણ ઓછું હતું હવે અહીં સિંહ-વાઘ-દીપડા સહિતના પ્રાણીઓ ઓપન મોટ પ્રકારના પ્રાંજરામાં રાખવામાં આવે છે જેથી મુલાકાતીઓ તે જોવા ખાસ અહીં આવતા હોય છે. તેવી સ્થિતિમાં ગત ઓગસ્ટ માસમાં સિંહનું લાંબી બિમારી બાદ મોત થયા બાદ સિંહ પ્રેમીઓમાં નિરાશા જોવા મળી હતી. તો બીજીબાજુ પાર્કમાં એકલી પડી ગયેલી ગ્રીવા નામની સિંહણને નર સિંહ પાર્ટનરરૂપે મળી રહે તે માટેની દરખાસ્તો પણ ગીર ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી છે. આવી સ્થિતિ વચ્ચે ઇન્દ્રોડા પાર્કને દીપડાની એક પૈર એટલે કે, એક એડલ્ટ દીપડો અને દીપડી ફાળવવામાં આવ્યા છે.

જુનાગઢ ખાતે આવેલા શક્કરબાગ ઝુમાંથી ત્રણથી ચાર વર્ષની દીપડાની જોડી ઇન્દ્રોડા પાર્કને આપવામાં આવી છે ત્યારે હાલ આ દીપડાની જોડીને ક્વોરેન્ટાઇન પિરીયડમાં રાખવામાં આવી છે. પાંજરામાં રાખીને તેની વર્તણૂક ઉપર નજર રાખવામાં આવી રહી છે. અહીંના વાતાવરણ અને ખોરાક તેને અનુકુળ આવે તે માટે પુરતો સમય તેને આપવામાં આવશે અને આગામી ૧૫ દિવસ બાદ મુલાકાતીઓ તેને જોઇ શકે તે રીતે પાંજરામાં ખુલ્લા મુકવામાં આવશે.

# નડિયાદ શહેર સહિત જિલ્લામાં સાર્વત્રિક વરસાદ : ખેડૂતોમાં આનંદ



નડિયાદ : નડિયાદ શહેર સહિત જિલ્લાભરમાં લાંબા વિરામ બાદ આજે વરસેલા સાર્વત્રિક વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. વહેલી સવારે થયેલા ભારે વરસાદ બાર ઠેરઠેર પાણી ભરાઈ જવાને કારણે લોકોને અવરજવરમાં હાલાકી વેઠવી પડી હતી. જોકે, સવાર પછી વરસાદે પુન: વિરામ લેતા વાતાવરણમાં ઉકળાટ અનુભવાયો હતો. વરસાદને પગલે પાકને જીવતદાન મળતાં ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી.

નડિયાદ શહેર સહિત જિલ્લાભરમાં લાંબા વિરામ બાદ આજે ફરીથી મેઘરાજાએ પોતાની મહેર વરસાવી હતી. શુક્રવારે મોડી સાંજથી વાતાવરણમાં પલટો આવ્યા બાદ આજે શનિવારે સવારે પણ ભારે વરસાદ થયો હતો. જેને કારણે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ જાતા લોકોને અવરજવરમાં હાલાકી પડી હતી. કે બાદમાં દિવસ પર વરસાદ ન થતા ફરીથી ઉકળાટ અનુભવાયો હતો. જિલ્લામાં સાર્વત્રિક વરસાદને પગલે ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી. છેલ્લા ૨૪ કલાકમાં નડિયાદ શહેરમાં ૫૩ મીમી, કઠલાલ ૯ મીમી, ખેડા ૨૨, ગળતેશ્વર ૦૧, ઠાસરા ૧૬, મહુધા ૪૮, મહેમદાવાદ ૩૨, માતર ૧૮ અને વસોમાં ૫૮ મીમી વરસાદ નોંધાયો હતો.

# સચિન જીઆઈડીસી માં બાજુના મકાનની દીવાલનો ભાગ પડતાં ૭ ઈજાગ્રસ્ત



સુરત- સચિન જીઆઈડીસી બરફ ફેક્ટરી પાસે ઈશ્વર નગરમાં શુક્રવારે મોડી રાત્રે ભારે વરસાદ અને પવન વચ્ચે એક મકાનની દિવાલનો ભાગ તુટીને બાજુમાં આવેલી ચાલીના ૫ મકાનોની છત પર પડતા મકાનમાં રહેતા ૭ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. અચાનક બનેલી આ ઘટના બાદ આસપાસના લોકો અવાજ સાંભળી દોડી ગયા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામા આવેલા ૬ વ્યક્તિઓ પૈકી ૨ લોકોને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. જયારે અન્ય ૪ને પ્રાથમિક સારવાર બાદ રજા આપી દેવામાં આવી હતી. બનાવની જાણ થતા સચિન જીઆડીસી પોલીસ હોસ્પિટલ દોડી આવી હતી અને તપાસ શરૂ કરી હતી. મકાનના છત પર મુકેલી પાણીની ખાલી ટાંકી ઉડીને છદના કઠેરા સાથે ભટકાતા આ દુર્ઘટના સર્જાઈ હોવાની શક્યતા વ્યકત કરવામાં આવી રહી છે. બનાવ અંગે સચિન જીઆડીસી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જયારે અન્ય ૪ને પ્રાથમિક સારવાર બાદ રજા આપી દેવામાં આવી હતી. બનાવની જાણ થતા સચિન જીઆડીસી પોલીસ હોસ્પિટલ દોડી આવી હતી અને તપાસ શરૂ કરી હતી. મકાનના છત પર મુકેલી પાણીની ખાલી ટાંકી ઉડીને છદના કઠેરા સાથે ભટકાતા આ દુર્ઘટના સર્જાઈ હોવાની શક્યતા વ્યકત કરવામાં આવી રહી છે. બનાવ અંગે સચિન જીઆડીસી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કલોલમાં જીવંત વીજ વાયર તૂટી પડતા વૃદ્ધનું કરંટ લાગવાથી મૃત્યુ



કલોલ : કલોલમાં શુક્રવારે સાંજે વાવાઝોડા સાથે વરસાદ વરસ્યો હતો. શહેરના વર્ધમાન નગરમાં આવેલ રોયલ એપાર્ટમેન્ટ પાસે જીઇબીના થાંભલા પરથી જીવંત વાયર તૂટી પડયો હતો. વાયર નીચે પસાર થઇ રહેલા પંકજભાઈ શાહ પર પડતા ઘટના સ્થળે તેમનું મૃત્યુ થયું હતું. બનાવને પગલે મૃતકના પરિજનોએ જીઈબી પર બેદરકારીનો આક્ષેપ કર્યો છે. ઘટનાને પગલે આસપાસમાં ચકચાર મચી ગઈ હતી. કલોલમાં ગુજરાત વિદ્યુત બોર્ડ વિરુદ્ધ ફરિયાદો વધી છે. વારંવાર વીજ કાપ, યોગ્ય મેન્ટેનન્સ ન કરવું તેમજ કમ્પ્લેન નોંધાવવા પર સમયસર તેનો નિકાલ નહીં કરવાને કારણે લોકોનો રોષ આસમાને પહોંચ્યો છે. જીઇબીની ગંભીર લાપરવાહીના કારણે એક નિર્દોષ વ્યક્તિને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.

કલોલના રોયલ એપાર્ટમેન્ટ પાસે ગત સાંજે ૭થ૩૦ વાગ્યે જીઈબીનો જીવંત વાયર તૂટી પડયો હતો. જે કારણે ત્યાંથી પસાર થઈ રહેલા પંકજભાઈ શાહને કરંટ લાગતા તેમનું ઘટનાસ્થળે મોત નીપજયું હતું. આ બનાવ અંગે પરિવારજનોએ જીઇબી વિરુદ્ધ આક્ષેપ કરી મૃત્યુ બદલ જીઇબીને જવાબદાર ગણાવી હતી. જીવંત વાયર જે થાંભલા પરથી તૂટીને નીચે પડયો હતો ત્યાં છેલ્લા બે દિવસથી શોર્ટ સકટ થતું હતું. આ બાબતે સ્થાનિકોએ જીઇબીમાં ફરિયાદ પણ નોંધાવી હતી. આમ છતાં યુજીવીસીએલ દ્વારા સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવ્યું નહોતું તેમ લોકોએ આક્ષેપ કર્યો છે.

જીઇબી દ્વારા ઝડપથી ફરિયાદનું નિરાકરણ લાવવામાં આવ્યું હોત તો નિર્દોષ વ્યક્તિનો જીવ બચી જાત તેમ સ્થાનિકોએ જણાવ્યું હતું. કલોલમાં ઝાડ પાસે જ વીજળીના વાયરો પસાર થતા હોવાથી તૂટી પડવાની તેમજ કરંટ લાગવાની શક્યતા રહે છે. આ સંજોગોમાં તંત્ર જાગે અને નક્કર પગલા ભરે તેવી માંગ થઈ રહી છે.

## ભરૂચના રેલ્વે સ્ટેશન ખાતે

# સામાજિક સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



ભરૂચ- ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીની ઉપસ્થિતિમાં ભરૂચ રેલ્વે સ્ટેશન સ્થિત પ્લેટફોર્મ નં. ૧ ઉપર અગ્રગણ્ય સામાજિક સંસ્થાઓના સહિયારા પ્રયાસથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

રક્તદાન એ જ મહાદાન ના સૂત્રને સાર્થક કરવા જેસીઆઈ ભરૂચ, ભરૂચ રેલ્વે સ્ટેશન, વડોદરા ડિવિઝન વેસ્ટન રેલ્વે પેસેન્જર પાસ હોલ્ડર વેલફેર એસોસિએશન દ્વારા ભરૂચ રેલ્વે સ્ટેશન સ્થિત પ્લેટફોર્મ નં. ૧ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું. આ પ્રસંગે ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, નગરપાલિકા પ્રમુખ અમિત ચાવડા ,જિલ્લા મહામંત્રી નિરલ પટેલ, ભરૂચ રેલ્વે સ્ટેશન કોમર્શિયલ ઇન્સ્પેક્ટર આદિત્ય શુક્લા, રેલ્વે સુપ્રિટેન્ડન્ટ, પ્રેસિડેન્ટ ઓફ પાસ હોલ્ડર એસોસિએશન હબીબ લોખંડવાલા, દિવ્ય ચેરીટેબલ ટ્રસ્ટ રીપ્રેઝન્ટેટિવ, ભરૂચ રેલ્વે સ્ટેશન પોલીસ ઇન્સ્પેક્ટર સુરેન્દ્રસિંહ રાણા સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# એશિયા કપ બાદ વર્લ્ડ કપમાં પણ ન થયું સિલેક્શન, નારાજ દિગ્ગજ બોલરે કહ્યું- હવે ટેસ્ટ ક્રિકેટ પર ફોકસ




વર્લ્ડ કપ ૨૦૨૩ માટે ભારતીય ટીમ જાહેર થઇ ચુકી છે. આ જાહેર થયેલી ટીમમાં યુઝવેન્દ્ર ચહલ, શિખર ધવન અને ભુવનેશ્વર કુમાર જેવા દિગ્ગજ ખેલાડીઓને મોકો મળ્યો ન હતો. આજે સવારે શિખર ધવન ઉજ્જૈનના ભગવાન મહાકાલના મંદિરે દર્શન કરવા અને ભારતની વર્લ્ડ કપ,માં જીત માટે પૂજા-અર્ચના કરી હતી. બીજી તરફ ચહલ વર્લ્ડ કપમાં તક ન મળતા ઇંગ્લેન્ડ તરફ વળ્યો છે. તે ઇંગ્લેન્ડમાં કાઉન્ટી ક્રિકેટમાં ભાગ લઇ રહ્યો છે. હવે તેણે કહ્યું છે કે તે ટેસ્ટ ક્રિકેટરનો ટેગ લેવા માંગે છે.

યુઝવેન્દ્ર ચહલે એક ઈન્ટરવ્યુંમાં જણાવ્યું હતું કે, 'દરેક ખેલાડીનું સપનું હોય છે કે તે પોતાની ટીમનું પ્રતિનિધિત્વ આંતરરાષ્ટ્રીય સ્તરે કરે અને દેશ માટે વ્હાઈટ અને રેડ બોલ ક્રિકેટ રમે. મારું સપનું પણ કંઇક આવું જ છે. મે વ્હાઈટ બોલ ક્રિકેટમાં ઘણું બધું હાંસલ કર્યું છે અને હવે મને રેડ બોલ ક્રિકેટ પર ફોકસ કરવું છે. મારું સપનું છે કે મારા નામની પાછળ ટેસ્ટ ક્રિકેટરનું ટેગ લાગે. ચહલે આગળ કહ્યું, 'હું ઘરેલું અને રણજી મેચોમાં મારું બેસ્ટ આપવાનું પ્રયત્ન કરીશ અને હું ઈચ્છું છું કે મને ભારત માટે ટેસ્ટ ક્રિકેટ રમવાની તક મળે.

યુઝવેન્દ્ર ચહલ ભારત માટે વનડે અને T૨૦ મેચ રમી ચુક્યો છે, પરંતુ અત્યાર સુધી તેને ટેસ્ટ ક્રિકેટમાં રમવાની તક મળી નથી. તે ટેસ્ટમાં ભારત તરફથી ડેબ્યૂની રાહ જોઈ રહ્યો છે.તેણે અત્યાર સુધી ૧૫૨ ઇન્ટરનેશનલ મેચ રમી છે. આ દરમિયાન તેણે ૧૪૮ ઇનિંગ્સમાં ૨૧૭ વિકેટ ઝડપી છે. ચહલે વનડેમાં ૬૯ ઇનિંગ્સમાં ૧૨૧ વિકેટ જયારે T૨૦ મેચોની ૭૯ ઇનિંગ્સમાં ૯૬ વિકેટ ઝડપી છે.

# રણબીર કપૂરની નવી ફિલ્મ -એનિમલ આગામી ડિસે.માં રીલીઝ થશે



મુંબઈ: રણબીર કપૂરની નવી ફિલ્મ 'એનિમલ' આગામી ડિસેમ્બરમાં રીલીઝ થશે. ફિલ્મ સમયસર રીલીઝ કરવા માટે હાલ પોસ્ટ પ્રોડક્શનનું કામ ઝપાટાભેર ચાલી રહ્યું છે. આ ફિલ્મ એક ગેંગસ્ટર ડ્રામા છે. તેમાં રણબીર સાથે રશ્મિકા મંદાના અને અનિલ કપૂર, બોબી દેઓલ સહિતના કલાકારો છે.

ફિલ્મનું ટીઝર આ મહિને રણબીરના જન્મદિવસે રીલીઝ કરાય તેવી સંભાવના છે. સંદિપ રેડ્ડી વાંગા અગાઉ રોમાન્ટિક હિરો શાહિદ કપૂરને 'કબીરસિંઘ'માં ઝનૂની પ્રેમીના રોલમાં રજૂ કરી ચૂક્યા છે.

હવે તેઓ રણબીર કપૂરને પણ 'એનિમલ'માં આક્રમક ગેંગસ્ટર તરીકે રજૂ કરવાના હોવાનું કહેવાય છે.

રણબીરની આ પહેલાંની ફિલ્મ 'તુ જુઠ્ઠી મૈ મક્કાર 'અણધારી રીતે હિટ સાબિત થઈ હતી. તે પછી રણબીરને 'એનિમલ' માટે ઘણી અપેક્ષાઓ છે.

એક ડગલું તંદુરસ્ત જીવન તરફ

ચાલો સાથે મળીને કરીએ એક સહીયારો પ્રયાસ....

" તંદુરસ્ત પાણી અપનાવીએ....
ચલાવીએ રોગમુક્ત અભિયાન"

સચીન કનકપુર તથા આજુ બાજુના ગામો માટે પણ....
હવે અમો લઈને આવી ગયા છીએ ચમત્કારી પાણી...

કેંગન લાઈવ વોટર

દિન-પ્રતિદિન વધતા જતા અશુધ્ધ
હવા-પાણી ખોરાકના કારણે
આજ કોઈના કોઈ નાના- મોટા
રોગના ભોગ બનતા માનવી પાસે તંદુરસ્ત
જીવન જીવવાનો....બાળકો, પરિવાર, સ્નેહીજનો,
સમાજને રોગમાંથી મુક્ત કરવાનો....
તેમજ ભવિષ્યમાં પણ કોઈ રોગના ભોગ નહી બનવાનો
વિકલ્પ એટલ ફકત.... કેંગન લાઈવ વોટર

....પાણી....

બિમારી લાવી પણ શકે છે અને
બિમારી મટાડી પણ શકે છે...



હવે કેગન મશીન સરળ હપ્તેથી મળશે

નિર્ભર એના પર છે કે તમે કેવું પાણી પીવો છો!!!

સંપર્ક- કિરણ રાઠોડ
Mo- 917380 8409
Mo- 777804 8409

શોપ નં.૧, શુભમ કોમ્પલેક્ષ, ગ્લોરિના ની સામે, સરસ્વતી સ્કૂલ બાજુમાં, કનકપુર મેઈન રાજમાર્ગ કનકપુર સુરત

પ્રજાપંખ
ગુજરાતી સાપ્તાહિક- સુરત

આપનાં પરિવારનો સભ્ય એટલે પ્રજાપંખ અખબાર, જેમાં તરો તાજા સમાચાર સાથે રહો અપડેટ, ચાય કી ચુસ્કી સાથે પ્રજા પંખનાં ઉત્તમ વિચારશિલ લેખોના વાંચનથી તન-મન રહે સ્વસ્થ્ય, પ્રજા પંખમાં તટ્સ્થ, નિર્ભિક સેવાકિય સમાચારોને સ્થાન, પ્રજા પંખ એટલે સંપુર્ણ સ્વસ્થ્ય વર્ધક મજબુત વિચાર ધરાવતું લોકપ્રિય અખબાર. . . .

આપ આપના આસપાસની સામાજિક, રાજકરણી, સાંસ્કુતિક કે ધાર્મિક પ્રોગ્રામ કે પછી અચાનક બનતી અન્ય ઘટનાઓની જાણ કરો, ઉપરાંત બર્થડે, બેસણું તેમજ તહેવારોમાં આપ આપની ધંધાકિય નાની - મોટી કે ટચુકડી જાહેરાત આપો તથા ઘર સુધી પ્રજાપંખ પેપર મેળવવા વોટ્સએપ પર જાણ કરો.

ખાસ ચેતવણી :

લોકપ્રિય પ્રજાપંખ અખબાર દ્વારા કોઇ પણ વ્યક્તિ, સંસ્થા કે સંગઠનને ઓર્થોરાઇઝડ કે પ્રતિનિધિ તરીકે નિમણુંક આપેલ નથી, જેથી આપને ત્યાં કોઇ પણ વ્યક્તિ આવીને, પ્રજાપંખના નામથી જાહેરાત કે અન્ય કોઇ નાણાંકિય વ્યવહાર કરે તેની જવાબદારી પ્રજાપંખની રહેશે નહી, માટે આવા ઉપરોક્ત પ્રકારની ચર્ચા કોઇ કરે તો આપ પહેલા સીધા તંત્રી તથા મેનેજીંગ તંત્રી સાથે રુબરુ કે ટેલિફોનિક ચર્ચા કરી લેવી....

Praja Pankh
prajapankh
prajapankh
99980 61470, 93747 20143
@prajapankh
prajapankh@gmail.com

સંપર્ક

મિતલ ભાવસાર- ૯૯૯૮૦૬૧૪૭૦
પ્રકાશ ભાવસાર- ૯૩૭૪૭૨૦૧૪૩
કિરણ રાઠોડ ૭૭૭૮૦૪૮૪૦૯

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

# ૧૯૯૪ -૨૦૦૨ વર્ષના એલ.ડી. સચિન હાઇસ્કુલનાં વિદ્યાર્થીઓ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું






**સચિન, પ્રજાપંખ દ્વારા :** ગત રોજ સચિનની એલ ડી હાઇસ્કૂલમાં ભણી ગણીને આગળ વધેલા ૧૯૯૪ થી ૨૦૦૨ વર્ષના અભ્યાસુ વિદ્યાર્થીઓનાં સ્નેહમિલનમાં લાગણી સભર દૃશ્યો દ્રશ્યમાન થયાં.

૧૯૯૪ થી ૨૦૦૨ વર્ષમાં સાથે ભણતા સહુ વિદ્યાર્થીઓનું સ્નેહ મિલન કાર્યક્રમનું ભવ્ય આયોજન સરોજ નાયક સાંસ્કૃતિક હોલમાં કરવામાં આવ્યું હતું. જેમાં ચંદ્ર પર પોહંચ્યાની ખુશી જેટલી ખુશી સહુના ચેહરા પર દૃશ્યમાન થતી હતી. આ મિલનમાં સમગ્ર ભારત દેશ, ગુજરાત અને વિદેશોથી સહુ જોડાયા હતાં. સમગ્ર આયોજન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાના આમંત્રિત ગુરુજનોને સ્મૃતિ ભેટ આપી સન્માન કર્યું તે પહેલાં કમળ પંખીડીઓનો વરસાદ વરસાવી સ્વાગત કર્યું હતું. ગુરુશ્રી રામચંદ્ર ભાઇ નાયકનાં કહેવાથી સહુ વિદ્યાર્થીઓએ જીવનના અનુભવો ગુરુજનો સાથે તાજા કર્યા હતા. સ્વર્ગીય ગુરુઓને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. શરૂઆતમાં પ્રાર્થના અને સ્વાગત ગીતથી સહુનું સ્વાગત કર્યું હતું. પારુલ પટેલ અને નિતીન ભાઈએ દેશભક્તિ ગીત ગાઈ સહુનું દિલ જીતી લીધું હતું અને દરેક વિધ્યાર્થિઓએ પોતાનો પરિચય પણ આપ્યો હતો ત્યારે જયોત્સનાબેન, ઓમકાર ભાઈ, રાજુભાઈ અને અન્ય શિક્ષકોએ યોગ્ય પ્રતિભાવ પણ આપ્યો હતો, તે સમયે અમે આપના ભવિષ્ય માટે ચિંતિત હતા એટલે મારતા પણ હતાં જયારે આજે ૨૧મી સદીમાં કોઈ બાળકને હાથ નથી લગાડી શકતા, આજના પ્રસંગે એક વર્ગમાં બેસી જૂની ભણવાની યાદી પણ ગુરુ શિષ્યોએ તાજી કરી અનેકના આંખોમાં હર્ષઘેલા આંશુ પણ નજરે પડ્યા હતાં. નીરવ પટેલ એ આજના બાળકો માટે મોટીવેશન સ્પીચ આપી હતી અને મયુરી પટેલ સાથે નાટ્ય કરી સહુને હસાવ્યા પણ હતાં, સમગ્ર કાર્યક્રમનું આયોજન નિરવ પટેલ અને નીતિન સિંધા એ કર્યુંહતું. સ્ટેજ સહાયક તરીકે મયુરી પટેલ હતી તથા સંચાલન રાકેશ પટેલ કર્યુ હતુ. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા શાળાને લાયબ્રેરી માટે ખાસ સોફ્ટવેર ભેટ અપાયું છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન આજે ગુરુ શિષ્યનું અનોખું મિલન દ્રશ્યમાન થતું રહ્યું હતું અને અંતે પ્રિતિભોજ બાદ ગુરુઓનો આશીર્વાદ લઈ સહુએ નમી આંખે વિદાઈ લેતા હતા તે દ્રશ્યો સામેવાળાને ભાવવિભોર કરતાં હતાં.

પ્રજાપંખ
સત્યમેવ જયતે

## ભારતીય પત્રકાર સંઘ (AIJ)ના ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે

# હનીફભાઇ ચોથીયાની પુનઃ નિયુક્તિ થતાં જાહેર સન્માન કરાયું






શહેર, જિલ્લાના અને રાષ્ટ્રીય સ્તરના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા

**પ્રજાપંખ દ્વારા, સુરતઃ** સમગ્ર ભારતમાં પત્રકારોના ગીત માટે આગળ રહેતી ૨૦૧૪ ની રજીસ્ટર સંસ્થા (AIJ) ભારતીય પત્રકાર સંઘ સાથે ૭૦, હજાર થી વધુ સમગ્ર પ્રેસ અને ટીવી મીડિયા સાથે જોડાયેલા પત્રકારો જોડાયા છે. રાષ્ટ્રીય અધ્યક્ષ નાં નેજા હેઠળ દરેકની કામગીરી જોઈ, તપાસી એમની ટીમ દ્વારા જ અનેક પદોની જાહેરાત થતી હોય છે. એવાજ છેલ્લા કેટલાય વર્ષોથી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તરીકે પોતાની કુનેહ પૂર્વકની સેવા બજાવનાર હનીફ ચોથીયા ને એમની સજોટ બેસ્ટ કામગીરી સાથે ફરી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તરીકે રાષ્ટ્રીય અધ્યક્ષ વિક્રમ સેન દ્વારા સહુની સાથે ચર્ચા વિચારણા બાદ ફરી આરૂઢ કરાયા ત્યારે સમગ્ર ગુજરાતમાં ખુશી નો માહોલ સર્જાયો છે જે નિમિત્તે ગુજરાત પ્રદેશ મહામંત્રી રવિન્દ્ર પાટીલ દ્વારા શુભેચ્છા સન્માનનો કાર્યક્રમ યોજાયો છે જેની સહુને જણાવી સહુ પદાધિકારીઓ ઉધના સંઘ ખાતે ઉપસ્થિત થઈ હનીફભાઇ ચોથીયાજી નું મોહ મીઠું કરી હાર તોરાં અને પુષ્પગુચ્છ થી જાહેર સન્માન કરી એમની કામગીરીને બિરદાવવામાં આવ્યા આ તબક્કે સુરત જિલ્લા પ્રમુખ પ્રકાશ ભાવસાર, સુ.જી.મીડિયા સેલ પ્રમુખ, રામભાઈ પ્રજાપતિ તથા સુરત જિલ્લા સંયોજક બ્રહ્મા સાહુ તેમજ ગુજરાત પ્રદેશ મહામંત્રી રવિન્દ્ર પાટીલ સાથે ભારતીય પત્રકાર સંઘ (AIJ) ના રાષ્ટ્રીય સચિવશ્રી ફરોખભાઇ કેરસી રૂવાલા દસ્તુર બાવાજી કુમાર અને રાષ્ટ્રીય સચિવશ્રી મહિલા વિંગના અમિષા ફરોખભાઇ રૂવાલા માયાકુમાર તેમજ ગુજરાત પ્રભારી એચ કે ચૌહાણ, ગુજરાત મહિલા પ્રમુખ શ્રીમતી દક્ષાબેન ભાવસાર અને સૂરત શહેર પ્રમુખ રાજુભાઇ ભરૂચી તેમજ અન્ય હોદેદારોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. પ્રસંગને

અનુરૂપ સહુએ પોતાના બે શબ્દોના મંતવ્યમા આજદિન સુધીની થયેલી ગુજરાત પ્રદેશ પ્રમુખ હનીફભાઇની પ્રમુખ તરીકેની કામગીરીને સહર્ષ બિરદાવી શુભેચ્છા સાથે અંભિનંદન પાઠવ્યા હતા અને ફરી પ્રમુખ તરીકે નિયુક્ત હનીફભાઇએ એમના સન્માનના પ્રત્યુતરમાં ગત ટર્મ કરતા પણ વધારે સારું કામ કરવાની જાહેરાત કરી હતી. ટૂંક સમયમાં શહેર જિલ્લા કક્ષાએ તેમજ દક્ષિણ ગુજરાત એકમમાં અને રાજયકક્ષા એકમમાં અમદાવાદ સાથે વિવિધ સ્થળોએ પ્રમુખશ્રી હનીફભાઇનો સન્માનવાનો કાર્યક્મ યોજવામાં આવશે એવી જાહેરાત પણ કરવામાં આવી હતી.

પ્રજાપંખ
સત્યમેવ જયતે

# સચિનનાં ગજેરા વિદ્યાભવન ખાતે સ્વામી વિવેકાનંદ પર વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

## ગૂજરાત રાજય યુવા બોર્ડ ગાંધીનગરના વોર્ડ ન- ૩૦ કોડીનેટર અભિલાષ ગુપ્તા દ્વારા કાર્યક્રમ યોજાયો....





**સચિન, પ્રજાપંખ દ્વારા :** સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજય યુવા બોર્ડ, સુરત મહાનગર ના વોર્ડ નં-30 દ્વારા દિગ્વિજય દિવસ નિમિત્તે યુગ પુરુષ સ્વામી વિવેકાનંદજી ના જીવન ચરિત્ર પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન ગજેરા વિદ્યા ભવન સચિન ખાતે કરવામાં આવ્યુંહતું. જેમાં અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષામાં બાળકોને સ્વામી વિવેકાનંદજીના વિચારો રજૂ કર્યા હતાં. ગજેરા વિદ્યાભવનમાં ધોરણ ૮ થી ૧૨ અંગ્રેજી માધ્યમમાં કુલ ૧૫ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો, તેમના દ્વારા આનંદ ઉત્સાહ પૂર્વક વક્તૃત્વ સ્પર્ધા પૂર્ણ થઈ હતી અને ફોજદાર સલોની પ્રથમ, સિંગ મહક દ્વિતીય અને મ્હૈસુરિયા ધવાનિકુમારી તૃતીય નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીનીઓને પધારેલ મહેમાનો અને શાળાના આચાર્ય હસ્તે પ્રમાણપત્ર અને ટ્રોફી અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા.

આ પ્રસંગને અનુરૂપ વોર્ડ નં. 30ના કોર્પોરેટર શ્રી ચિરાગ ભાઈ સોલંકી, ભાજપ વોર્ડ નં.30 પ્રમુખશ્રી દીપક સુધાકર ચૌધરી, રોટરી સુરત તાપી સંચાલિત આરસીસી સચિનના સ્થાપક પ્રમુખશ્રી પ્રકાશ ભાઈ ભાવસાર, સરકારી સ્કૂલ નાં સહ આચાર્યશ્રી રાકેશ જોષી, સાઈ એજયુકેશન ટ્રસ્ટ નાં ટ્રસ્ટી રિતેશ રાજપૂત અને સચિન હોમ ગાર્ડ યુનિટ નાં ઇન્ચાર્જ પ્રકાશ ભાઈ મૌર્ય તેમજ યજમાન ગજેરા સ્કૂલ નાં પ્રિન્સિપાલ નીતિન પાટીલ અને શાળા પરિવાર ઉપસ્થિત રહ્યાં હતાં. ટ્રોફી એનાયત બાદ કો.ઓર્ડીનેટર અભિલાષ ગુપ્તાએ શાળા, શાળા પરિવાર, સ્પર્ધકો અને જજો નો આભાર વ્યક્ત કર્યો હતો સમગ્ર કાર્યક્રમ ગજેરા શાળાની બાળાએ સંચાલન કર્યો હતો.

પ્રજાપંખ
સત્યમેવ જયતે

# વી. આર. સુરત દ્વારા યોજાયો ઇકો ઇકો-ફ્રેન્ડલી ગણેશ વર્કશોપ




**પ્રજાપંખ દ્વારા સુરતઃ** પૌરાણિક સમયથી ગણેશ ઉત્સવની ઉજવણી પારંપરિક રીતે માટીની મૂર્તિ બનાવી કરવામાં આવતી હતી પરંતુ આજના મોડર્ન યુગમાં પી. ઓ. પી. ની મોટી મુર્તિઓનો ચલન વધ્યો છે અને જેના લીધે પર્યાવરણને પણ ઘણો નકસાન પહોચતો હોય છે. વી. આર. સુરત દ્વારા દર વર્ષે ગણેશોત્સવ માટે વિવિધ અનોખા વર્કશોપ યોજવામાં આવતા હોય છે અને આ વર્ષે પણ વી. આર. સુરત દ્વારા સુરત શહેર ગણેશ ઉત્સવ સમિતી, સુરત ગ્લોબલ શેપર્સ તથા ભગવાન મહાવીર યુનીવર્સીટી સાથે મળી ઇકોફ્રેન્ડલી ગણેશ વર્કશોપનું આયોજન સ્વચ્છ ભારત મિશન અંતર્ગત કરવામાં આવેલ.

ઇકો-ફ્રેન્ડલી ગણેશ વર્કશોપમાં આર્ટીસ્ટ સુધાબેન ઘેવરીયા દ્વારા શાહુ માટીથી કેવી રીતે ટુંક સમયમાં ઇકો-ફ્રેન્ડલી મુર્તિ બનાવી શકાય છે તેનો લાઇવ ડેમોન્સ્ટ્રેશન આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં સુરત શહેર ગણેશ સમિતના અધ્યક્ષ અનિલ બિસ્કીટવાલાએ હજરી આપી લોકોને માટીની મુર્તિના પર્યાવરણ માટેના ફાયદાઓ બતાવી લોકોને માર્ગદર્શન આપવામાં આવેલ. અને ત્યારબાદ સુરત ગ્લોબલ શેપર્સ દ્વારા સંપુર્ણ ગણેશોત્સવ ને સસ્ટેનેબલ તથા ઇકો ફ્રેન્ડલી તરીકે કેવી રીતે ઉજવી શકાય છે તેની ચેકલીસ્ટ પણ પાર્ટીસીપન્ટસને આપવામાં આવેલ. ભગવાન મહાવીર આર્કીટેક્ચર કોલેજના પ્રિન્સીપલ ચૈતાલી શ્રોફ દ્વારા જણાવવામાં આવેલ કે, આ કાર્યક્રમમાં ભગવાન મહાવીર યુનીવર્સીટીના ૧૨૨ વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવામાં આવેલ આજે જયારે આપણે કલાઇમેન્ટ ચેન્જની વાતો કરતા હોઇએ છીએ ત્યારે ગણેશોત્સવ ઇકો-ફ્રેન્ડલી અને સસ્ટેનેબલ વેમાં ઉજવવા પર્યાવરણ માટે ખુબજ જરૂરી છે. જયારે સુરત શહેર ગણેશ સમિતીના પર્યાવરણ સમિતીના અધ્યક્ષ અભિ વ્યાસ દ્વારાઆ જાહેર નાગરીકો તથા વિવિધ ગણેશ મંડલોને સુરત શહેરમાં આ વર્ષે ગણોશોત્સવ ઇકો-ફ્રેન્ડલી રીતે ઉજવવા અપીલ કરી હતી જેથી આપણે સુરત શહેરમાં આ વર્ષે સંસ્કૃતી અને પર્યાવરણ બનેને સાચવી રાખી દેશમાં એક મિસાલ કાયમ કરી શકીએ.

# ગ્રાન્ટેડ શાળાના સંચાલકો, આચાર્યો સહિત કર્મચારીઓનો સરકાર સામે વિરોધ

સુરતમાં ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો સંચાલકો આચાર્યો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. શિક્ષણ વિભાગ ક્ષેત્રે કેટલાક પ્રશ્નોને ઉકેલ હજી સુધી ન આવતા શિક્ષકો સરકાર સામે લડી લેવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. ત્યારે આજે અમદાવાદ બાદ સુરતમાં પણ શાળાના પટાંગણમાં એકત્રિત થઈને શાળા સંચાલકો, આચાર્યો અને શિક્ષકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. સુરતમાં કર્મચારીઓ ચમચી થાળી પર વગાડીને વિરોધ પ્રદર્શન કરીને લડી લેવાના મૂડમાં જોવા મળ્યા હતા. આ ઉપરાંત માગની સમસ્યા ઉકેલ કરવામાં નહીં આવે તો આગામી દિવસે સફેદ કપડાં અને કાળી પટ્ટી ધારણ કરીને વિવિધ જગ્યા ઉપર કાર્યક્રમ કરશે તેવી માહિતી સામે આવી રહી છે.

ગ્રાન્ટેડ શાળાના આચાર્યો શિક્ષકો દ્વારા આજે પોતાના પડતર પ્રશ્નોને લઈને વિરોધ કર્યો હતો. રાજયભરની અંદર ચાલી રહેલા ગ્રાન્ટેડ શાળાના સંચાલકો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. તેવી રીતે સુરત એકમ દ્વારા પણ આજે શાળા પૂર્ણ થયા પછી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો. શિક્ષકો દ્વારા થાળી વેલણ વગાડીને સરકાર સુધી પોતાના અવાજ પહોંચાડવા માટેનો પ્રયાસ કરાયો હતો. શાળામાં ચિત્રકામ, પીટી ટીચર, ક્લાર્ક, પટાવાળા જેવા કર્મચારીઓની ભરતી કરવામાં આવી રહી નથી. તેના કારણે ખૂબ મુશ્કેલીઓનો સામનો કરવામાં આવતો હોવાની વાત સામે આવી છે.

સુરત ગ્રાન્ટેડ શાળા આચાર્ય સંઘના પ્રમુખ કિશોર જાનીએ જણાવ્યું કે, સરકાર સમક્ષ ગ્રાન્ટેડ સ્કૂલમાં કાયમી ધોરણે શિક્ષકોની ભરતી થતી ન હોવાના મુદ્દે રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ હજુ સુધી તેનો ઉકેલ આવ્યો નથી. જૂની પેન્શન યોજના અને અમારા ઈજાફાની લઈને જે માંગણીઓ હતી તે પણ હજી પૂર્ણ થઈ નથી. ૨૩ સપ્ટેમ્બરના દિવસે સફેદ કપડાં અને કાળી પટ્ટી ધારણ કરીને રાજયભરના



જિલ્લા મથકો ઉપર કાર્યક્રમ કરવામાં આવશે. જયાં સુધી અમારી માંગણી પૂર્ણ ન થાય ત્યાં સુધી આવા વિવિધ તબક્કાઓમાં કાર્યક્રમ યથાવત રહેશે.

OWNER , PUBLISHER, PRINTER & EDITOR- MITALKUMAR PRAKASHBHAI BHAVSAR. PRINTED BY- UNNATI PRINTERS, -29 NATIONAL IND. SOC., OLD UNN NAKA, SURAT-NAVASARI MAIN ROAD, SURAT-394210 PUBLISHED AT -971, ADARSH NAGAR SOCIETY, KANAKPUR, G.H.BOARD, SACHIN. SURAT. (GUJARAT)-394230